
દેહ રહે અથવા તો જાય, સાધન સાહિત્ય લોકો પાસેથી સાંભળીને ગુચવશો નહીં. કાયામાં તમારા હોવાપણાં ના જ્ઞાન ની ગેરહાજરી તે ઈશ્વરની ગેરહાજરી છે. ઈશ્વરની ગેરહાજરી તમારા હોવાપણાં ના જ્ઞાનની ગેરહાજરી સૂચવે છે. ઈશ્વર હોવાનો પુરાવો, તમારા હોવાપણાં નું જ્ઞાન (ચેતના) છે. અને તમારા હોવાપણાંનું જ્ઞાન તે ઈશ્વર હોવાનો પુરાવો છે તે યાદ રાખો અને યાદ રાખીને ધ્યાન કરો.

- શ્રી નિસર્ગદત્ત મહારાજ



આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન



- શ્રી નિસર્ગદત્ત મહારાજના નિરૂપણો

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

બાકી બધુ છોડી દો. તે જ સાધના છે.
સ્વરુપજ્ઞાન યાદ રહે અને ભૂલાય
તેવું કઈ ના હોય.
બધુ જ કઈ જાણેલું હોય.
કશાય નું સ્મરણ નહોય.



શ્રી નિસર્ગદત્ત
મહારાજ

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

<u>મૂળ લેખક નું મનોગત</u>

<u>અર્પણ</u>

આ નાનકડી સેવા મારી પાસેથી
નિષ્કામ ભાવનાથી અને નિષ્ઠાથી કરાવી લીધી.
આ સેવા જેમને મને
“હું કોણ છું?”
તેની પૂર્ણપણે સમજ આપી તેવું જ
“હું છું”
એ બાબત ચેતનાની ઓળખ કરાવી દઈ
જેમણે મને જ્ઞાનરૂપિ સાગર આપ્યો એવા મારા
પ.પૂ.શ્રી નિસર્ગદત્ત મહારાજ
તેમના ચરણે હું વિનમ્ર ભાવથી અર્પણ કરું છું.

ભરત શિંપી
૯૯૭૦૧૮૨૯૭૧

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

પ. પૂ. નિસર્ગદત્ત મહારાજના નિરૂપણો

મૂળ લેખક : ભરત શિંપી

અનુવાદક : ઉદય કુલકર્ણી

પ્રથમ આવૃતિ : ૨૩.૦૭.૨૦૨૧

(ગુરુપુર્ણિમા)

ભક્તિ નો સાર

શ્રી નિસર્ગદત્ત મહારાજના આ દુર્લભ નિરૂપણો આજે પુસ્તક સ્વરૂપે આપણી સમક્ષ મુક્તા અમો ને ખૂબ જ આનંદ થાય છે. આ પુસ્તકમાં 'આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન' એ શીર્ષકો હેઠળ શ્રી મહારાજના બે નિરૂપણો છે. તેવી રીતે જ શ્રી મહારાજએ કરેલ **'ધ્યાન-જ્ઞાન-સાધના'** વિશે ટૂંકાણમાં કરેલ માર્ગદર્શન છે.

સાંપ્રત સમયમાં ભક્તિ એટલે ઈશ્વર માટે કાંઈક નાનું મોટું કરવું એમ માન્યતા અને સમજ હોય. તે માન્યતા અને સમજ અંતર્ગત વાંચન, પઠન અથવા તો કાંઈક આવર્તનો કરતાં રહેવા એમ લોકો કરતાં રહે. જ્યાં સુધી બીજો કોઈ ઈશ્વર છે અને તે બીજે કશે બહારથી આવશે અને મારા પર કૃપા કરશે એવી સમજ, માન્યતા અને કલ્પનાઓ હશે ત્યાં સુધી કર્મકાંડ અંતર્ગત આવનાર દરેક કર્મો વ્યક્તિ ભક્તિ માનીને કરશે. ઘણીવાર આ ભક્તિ કશુંક 'જોઈએ' યા તો 'કાંઈક બનવા' માટે કરવામાં આવે છે. આજ સુધી જગત બધી જ માંગણીઓ પૂરી થયેલ હોય તેવી એક પણ વ્યક્તિ મળવી મુશ્કેલ છે. ઇચ્છિત વસ્તુ કે પદ જો મળે તો પણ કેટલાક સમય પછી તે

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

જવાનું જ છે અને તેની સાથે મળેલ સુખ પણ જવાનું છે. તે સુખ ગયા બાદ તેની પાછળ પાછળ તેના વિયોગનું દૂ:ખ પણ રહેલું છે. કોઈપણ બાહ્ય ઈશ્વર આપણને જીંદગીભર ખૂટે નહીં તેવો ઉકેલ આપી શકશે નહીં. માત્ર પોતાનો જ પોતાના પર ('સ્વ' પર) કરેલ ભક્તિપ્રેમ જ આપણને ઉકેલ આપી શકશે.

"ભક્તિ એટલે પોતાનો પોતાના માટેનો સંકલ્પ. પોતાનો પોતાના ઉપરનો પ્રેમ."

કોઈપણ સ્વયં પર પ્રેમ ન કરવો, સ્વયં પર વિશ્વાસ ન મૂકવો એવું ન કહી શકે. સવારે જાગ્યા પછી સર્વપ્રથમ કોઈના પણ ધ્યાન માં આવે છે કે 'છું' પછી ધ્યાનમાં આવે છે કે 'હું છું'. તે ધ્યાનમાં આવ્યા બાદ 'હું છું' તે ચેતનાને દેહ, મન, બુધ્ધિએ પકડયા કે આગળનો વ્યવહાર શરૂ થાય છે. આપણો આપણી ઉપરનો પ્રેમ જ આ સર્વ કાઇ આપણી પાસે કરાવડાવી લે છે. તે માત્ર દેહ બુધ્ધિને અનુસરીને જ હોય એટલુજ. તે ચેતનાની અનુભતી થયા બાદ અને વ્યવહાર શરૂ થયા પૂર્વે જે ક્ષણ હોય તે 'હું છું' તે ચેતના ઈશ્વરના ચરણ હોય, તેના કેન્દ્રમાં ધ્યાન પરોવો એવું શ્રી મહારાજ અહિયાં કહે છે.

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

ઊંઘમાં થી જાગ્યા બાદ ભલે ને તે ચેતના અનુભવાતી હોય, ભલે તે આજ્ઞાનાવસ્થા બાદ અનુભવાતી હોય, તેમ છતાંય તે એક માત્ર માર્ગ છે તેના ઉગમ સુધી પહોચવાનો. તે ચેતનાની જાગૃત, શુષુપ્ત અને સ્વપ્ન એમ ત્રણ અવસ્થાઓ છે. આ ત્રણે અવસ્થાઓમાં માનવી પોતાને માટે જે કઈ કરતો હોય તે આ ચેતના માટે જ કરતો હોય છે. ફક્ત તે દેહ, મન અને બુધ્ધિને પકડીને કરતો હોય છે એટલુજ.

હવે આ ભક્તિ કરવાની એટલે શું કરવાનું ? તો આ ચેતનાનો જે દોરો છે તેના પર પૂરું ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. એટલે 'હું છું' એ ચેતના પર ધ્યાન રાખવું અને ધ્યાન રાખતા રાખતા 'હું છું' એ ચેતનાનો જે ઉગમ છે એટલે એ ચેતના જેનું પ્રતિબિંબ છે તે ચેતના ને જાણનારમાં સ્થિર થવું. તે જ છે 'આત્મભક્તિ'. પોતાની પોતાના પર કરેલી ભક્તિ. આપણાં હોવાપણાનો નિશ્ચય. આ નિશ્ચય રોજ ધ્યાન સમયે, નામ સ્મરણ વખતે વધારવો અને ઈતર સમયે પણ હોવાપણાંના ભાવમાં રહેવું. એ સંદેશ શ્રી મહારાજ આ વિવરણમાં થી આપી રહ્યા છે.

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

"નિ:શબ્દ રહેવું (મૌન રહેવું) તે જ ભક્તિથી પરબ્રહ્મ મેળવવાનો સાર છે" એવું શ્રી મહારાજ કહે છે. 'હું છું' તે ચેતનામાં રહેતા રહેતા શબ્દ 'નિ:શબ્દ' થાય છે. શબ્દ એટલે જ શરૂઆતમાં 'હું છું' એ ચેતનામાં રહેવા માટેના આધાર તરીકે લીધેલ જેને આપણે ઈશ્વરનું નામ અથવા મંત્ર કહીશું. 'હું છું' એ ચેતનામાં રહેતા રહેતા શબ્દો નિ:શબ્દ થઈ જાય અને આપણે ચેતનાને જાણનાર છીએ, તેના અગાઉ ના છીએ તે બોધ પાક્કો થાય છે. તેના માટે દેહ નો ઉપયોગ ના કરતાં શરૂઆતની 'હું ચેતના છું' એ આત્મવિશ્વાસ વધારવો મહત્વનો છે. એ જ આત્મવિશ્વાસ, આપણો આપણાં પર વિશ્વાસ હોવો. આપણો આપણાં પોતાના હોવાપણાં પર પ્રેમ હોવો જોઈએ. આપણે આપણામાં જ રહેવા લાગીશું તો આપોઆપ શાંત થઈશું અને ન પૂરું થનાર કે ન તૂટવા વાળું સંતોષ પ્રાપ્ત થવા લાગશે અને તે જ ભક્તિનું ફળ છે.

'કર્મકાંડ' ની જેને ટેવ હોય તેવી વ્યક્તિ સંપૂર્ણ જીવનભર પણ જો કઈ વાંચતો રહે તો તેને 'હું છું' તે ચેતના સમજાશે/અનુભવાશે નહીં. તેના માટે તેણે તે બધુ બાજુ પર મૂકી પોતાનાં માં સ્થિર થવું બહુ જરૂરી છે. સમજો કે આપણે એકાદ હોટેલ માં ગયા અને માત્ર મેનૂ કાર્ડ જ

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

વાંચ્યા કરીશું તો જમવાનો કે જમણ નો આનંદ પ્રાપ્ત થશે ? તે આનંદ મેળવવા માટે મેનૂ કાર્ડ ને બાજુમાં મૂકી પ્રત્યક્ષ જમણ જ કરીશું તો જ જમણ નો આનંદ મેળવી શકીશું. તે જ પ્રમાણે ધીરે ધીરે દરેક કર્મકાંડાત્મક વાચન બાજુએ મૂકી આપણે આપણામાં હોવાપણાંની તે જાગૃતિમાં સ્થિર થવાથી સદાય પ્રસન્નતા–સંતોષ મળશે. પોતાનો સ્વયં ઉપર રહેલો આત્મવિશ્વાસ આપણને બ્રહ્જ્ઞાન એટલે આપણી પોતાની ચેતનાની ઓળખાણ તરફ દોરી જશે. ચેતનાની ઓળખ થાય એટલે આપણે આપોઆપ જ ચેતનાને જાણનાર છીએ તે સમજાય છે.

આ વિવરણ વાંચતી વખતે ક્રમશ તેનો અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. અહિયાં મનનું કોઈ જ મનોરંજન થવાનું નથી. 'હું છું' તે ચેતના કેવી રીતે જાણી શકાય અને તે કેવી રીતે જવા ની છે પણ 'હું છું' આ ચેતનાનો જાણકાર માત્ર ક્યાંયે જવાનો નથી એટલી જ માહિતી આપણને મળનાર છે.

શ્રી મહારાજ શાસ્ત્ર-ગ્રંથો પર બોલતા નથી. શાસ્ત્ર-ગ્રંથો નો અભ્યાસ કરવાવાળા ને આ નિરૂપણો જડ અને અઘરા લાગવાની પૂરેપુરી શક્યતા છે. ભક્તિ વિનાનું

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

જ્ઞાન અઘરું લાગે છે એવું એક ઠેકાણે શ્રી સિધ્ધરામેશ્વર મહારાજ કહે છે. આપણને આપની ઓળખાણ થવી એ જ ભક્તિ નો મર્મ છે. તેના માટે દર દર ભટકવાની જરૂર નથી. શાંત રહેવું, નિશબ્દ રહેવું અને જાગૃતિથી ચેતના પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાધના શ્રી નિસર્ગદત્ત મહારાજ આપણને અહિયાં કહે છે. આ પ્રક્રિયા સમજી લેવાથી જ શ્રી નિસર્ગદત્ત મહારાજના વિવરણો દરેકને ઉપયોગી પડશે એવો વિશ્વાસ થાય છે.

સચિન ક્ષીરસાગર

પુણે

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

આત્મવિશ્વાસ

બ્રહ્મ વાક્યનો પ્રણવ છે અને પ્રણવનો પ્રણય (પ્રેમ) છે. પ્રેમનો ધર્મ, પ્રેમની સફર, પ્રણવ, પ્રેમનો ધર્મ. પ્રણય એટલે જ પ્રેમ છે. અને કરેલો અને માનેલો પ્રેમ નહીં. એકે બીજા પર કરેલ અથવા બીજો મારા પર પ્રેમ કરે, એકે બીજાને માનેલ પ્રેમ નહીં. અકળપણે પ્રેમ છે.

પણ અહિયાં હજુ વધુ, હજુ વધુ, હજુ વધુ ગુરુની આજ્ઞા પ્રમાણે ભજન કરે છે. ('હું છું' તે જાગૃતિને સ્થિર કરવાનો પ્રયત્ન કરે છે.) શ્રવણ કરે, મંત્રોચ્ચાંર કરે, પરંતુ તેમના (ગુરુના) શબ્દો પરના વિશ્વાસથી, વચનો પર ના વિશ્વાસને કારણે ધીમે ધીમે નિ:શબ્દ થતો જાય છે. નિ:શબ્દ હોવું તે જ ભક્તિથી પરબ્રહમને મેળવવાનો સાર છે. (અધ્યાત્મિક જીવનમાં મુખ્યત્વે આપણે ચેતનાની અગાઉના છીએ એટલે બ્રહ્મ ની પાર-તેને (ચેતનાને) અતિક્રમીએ છીએ એ આત્મવિશ્વાસ પર દ્રઢ રહેવું તે સાર છે.) મનુષ્ય સામાન્ય રીતે વિના શબ્દ રહે તે શક્ય નથી. કોઈપણ યોગ્યતાનો કેમ ના હોય, તેના અંદર જે શબ્દ સંસ્કાર થયેલા છે તે શબ્દ બોલતા જ રહેશે, બોલતા જ રહેશે, બોલતા જ રહેશે. (આપણી હોવાપણાંની જાગૃતિ પર જે કાઈ સંસ્કાર નાનપણથી થયેલા છે તે પ્રમાણે તેમાં થી જે શબ્દો વહે છે તે વહેવા ના દેતાં જાગૃતિને શાંત રાખી નિ:શબ્દ થવું અત્યંત આવશ્યક છે.) તેમ છતાંય

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

આ પ્રણવના સાર નો સાર. પ્રણવ એટલે પ્રેમ. વાણીની અગાઉ પ્રેમ છે. (શબ્દોની અગાઉ ‘હું છું’ તે ચેતના છે અને આપણાં હોવાપણાંની અનુભૂતિ છે.) આપણે છીએ તેવી થોડીક પણ ગંધ તેને આવેલ છે. ત્યાં પ્રેમ અને મોહની લાલચ પડેલી જ હોય છે. (આપણે છીએ તેવું સમજ્યા બાદ આપણે હોવું જોઈએ તેવો પ્રેમ નિર્માણ થયો છે.) જગત છે તેવો ધ્વનિ સંભળાય. પ્રણવ હોય અને પ્રણય જતો હોય. શબ્દોથી, વિવિધ પ્રકારના શબ્દોની ભક્તિ કરે છે. પણ તે કોની છે ? પોતાની જ, પોતાના હોવાપણાંના સ્વરુપજ્ઞાનની જ ભક્તિ. આત્મજ્ઞાન શબ્દ ઉચ્ચારવાની અગાઉ એકદમ વહેલી સવારે આંખ ખૂલે, કોઈપણ શબ્દ ઉચ્ચારયા વગર, નિ:શબ્દ આંતરિક ધ્વનિ થઈ કે હું જાગ્યો. કોઈપણ શબ્દ ઉચ્ચાર્યા વગર શી અનુભૂતિ થઈ, હું જાગ્યો. આ જે નિ:શબ્દ અનુભવ થયો, તે સગુણ મુર્તિ બ્રહ્મ. (સવારે ઊંઘમાં થી ઉઠ્યા બાદ સૌથી પહેલા શું ધ્યાન માં આવે છે ? તો તે ‘છું’, ત્યારબાદ સમજાય છે ‘હું છું’. ‘હું છું’ એ ચેતનાને આ દેહ, મન અને બુધ્દ્ધિ પકડે તે અગાઉના જે ક્ષણ છે, તે છે સગુણ, ચેતનાસહિતની બ્રહ્મ સ્થિતિ, સવિકલ્પ બ્રહ્મ). સ....ગુણ મુર્તિ બ્રહ્મ. આત્મપ્રેમનો, આત્મલોભનો, આત્મસ્નેહનો શુધ્દ્ધ અને પરિપૂર્ણ અર્થ.

જાગ આવી, વગર શબ્દોથી બોલી. જાગૃતિ વગર શબ્દો થી બોલી. પણ જાગ આવ્યા બાદ શબ્દોના ઝરણા વહેવા લાગ્યા અને તેનાથી દેહના રૂપને પોતાનો કરીને, દેહની ઓળખથી, દેહના ધર્મથી તે આચરણ કરતો રહ્યો.

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

તેનાથી દિવસે દિવસ ભય, ડર, સંકટો, મરણભય વગેરે ઉત્પન્ન થયા. તેનાથી લાભ ઓછો જ થયો છે અને હાનિ પુષ્કળ થઈ છે. (જાગૃતિ આવ્યા બાદ ‘હું છું’ તે ચેતના જેમાં જેમાં રમણ કરે અને રમણ કરવા સારું તે જે જે કરે તે જ આ દ્રશ્ય જગત. તેનામાં થી આગળ ભય, સંકટો નિર્માણ થાય.) એવો આગંતુક, અવાંછિત, સ્વાનુભવનો અનુભવ છે.

જાગૃતિ, નિદ્રા, અને સ્વપણું. જાગૃતિ, નિદ્રા અને ચેતના અનુભવાય તે અવસ્થા છે. જાગૃતિ, નિદ્રા અને હોવાપણું તે પણ અવસ્થા હોય અને તે અવસ્થાને જન્મનામ હોય. તે અવસ્થા જ્યાં સુધી નહોતી ત્યાં સુધી જન્મનામ નહોતું. જન્મએ પણ અવસ્થા નહોતી અને તે રજ,તમ અને સત્વ એ ત્રણ ક્રિયાઓથી વ્યવહારમાં હોય. પણ તે અવસ્થા વ્યવહારમાં છે. (જાગૃતિ, નિંદ્રા અને સ્વપ્ન આ અવસ્થામાં ચેતના જ્યાં જ્યાં સંસ્કાર પ્રમાણે વર્તી, વર્તન ઘડાયું અને તે પ્રમાણે વ્યવહાર ઘડાયો.) તેના પર કોઈ નુકસાન નથી. પ્રકૃતિ, પુરુષ તેનામાં નથી. અવસ્થા છે. જાગૃતિ પહેલાના ચરણમાં ધ્યાન આપ્યું છે. તે ચરણ ક્યારે દેખાયું ? (ચેતના ક્યારે અનુભવાયી ?). શબ્દોથી ‘હું જાગ્યો છું’ કહેવાના અગાઉ, શ્રી ગુરુચરણ ક્યારે દેખાયા ? શબ્દોથી ‘હું જાગ્યો છું’ એવું કહેવાના અગાઉ (આ ગુરુચરણ) દેખાયા. શુધ્દ્ધ, પવિત્ર, નિર્મળ છે તે. (હું છું તે ચેતનાનું તે શુધ્દ્ધ રૂપ છે.)

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

જ્યારે તેને દેહને જકડયો (ચેતનાએ જ્યારે હું દેહ છું તે પકડયું) ત્યારે તેના દેહના અમુક ભંડારો ગંદકીથી ભરેલા છે. હવે તે ગુરુકૃપા થી સહજ રીતે આકાર પામે છે. તેને હવે સમજાય છે કે આ ત્રણે અવસ્થાઓ હું નથી કે મારી નથી. (જાગૃતિ, નીંદ્રા અને સ્વપ્ન આપણે નથી.) મારી પાસે આ ત્રણેય અવસ્થાઓ નો અનુભવ નહોતો. ત્યારે મારી મને ગરજ નહોતી પણ આ ત્રણેય અવસ્થાઓનો તને અનુભવ થયો. ત્યારે હું હિન જીવ થઈ ગયો હતો. (હું છું આ ચેતનાથી મે દેહ, મન અને બુદ્ધિને પકડયા પછી/ જાણ્યા પછી તે તેનું સાચું સ્વરૂપ ભૂલી.) પણ હું ધન્ય થયો કે મને મારા સદગુરુ મળ્યા, હમણાં આઠે પ્રહર જે ચાલુ છે તે. રોજબરોજના ઉપયોગી કામધંધો કરવા માટેનું આંતરિક વલણ ઘડાયું. પણ તે સત્વ નો રજ છે. પછી તે લૌકિક કાર્યને સાથ આપનારનો જે અર્થ છે તે તમોગુણ. (જે જે બન્યું તે બધુ જ મે કર્યું એવું કહેનાર તે તમોગુણ.) વાસ્તવમાં ત્રણેને આકાર નથી. ત્રણે ગુણોને આકાર નથી. તેવી રીતે નિંદ્રાને આકાર નથી. જાગૃતિને આકાર નથી. અનુભૂતિને આકાર નથી, ચેતના, જાગૃતતા એટલે અનુભૂતિ જ ને ? શું તે ત્રણેય ને આકાર છે ? આકાર નથી, પ્રકાશ છે, પ્રેમનો મોહ છે, મોહ છે પ્રેમનો. (હું હોવો જોઈએ એવું લાગે તે મોહ.) હવે અહિયાં ગુરુકૃપાથી જેની દ્રષ્ટિ ગઈ , તેની પાસે આ સગુણ અને આ નિર્ગુણ તે ભેદ રહેતો નથી. આ સગુણ છે, તે નિર્ગુણ છે તે ભેદ તેની પાસે રહેતો નથી. તે અભેધ થયો. ફરી

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

કાળ એટલે સમય, અને સમય એટલે કાળ. તો કાળ અને સમય નો સ્પર્શ પણ તેને તેના અગાઉ થયો નહોતો.

જ્યારે જાગૃતિ, નિંદ્રા અને અનુભૂતિ (ચેતના) અવસ્થાઓ નહોતી, કાળ સ્પર્શ નહોતો. પોતાની પૂર્ણતા એવી અનંત અને અપાર હતી કે પોતાને પોતાની સુધ (ભાન) જ નહોતું. તે સહજ તેના ધ્યાનમાં આવ્યું અને તે ધ્યાનથી ધ્યાન ધરાયું. હવે ધ્યાનથી જે ધ્યાન ધરાયું, તે ધ્યાન અને જ્ઞાન જશે. (ચેતના અને જાગૃતતાથી જે જે જણાયું તે તે જશે.) પરંતુ સ્વરૂપ નો નિશ્ચય ક્યારેય ઢળશે નહીં. પણ તે કોઈ પણ છે. પવિત્ર, નિર્મળ, અવિનાશી. જે નિર્વાણ, નિર્ગુણ નિરંજન, તેની આગળ શું, પરબ્રહ્મ. મનથી તે વિવિધ નામોથી ઓળખાય છે. પણ મન એ તેને ક્યારેય જોયો નથી. (મન એ ક્યારેય ચેતનાના જાણનાર ને જોયો નથી.) નિર્વાણ, નિર્ગુણ નિરંજન, પરબ્રહ્મ. શું?

આ બધાને મન એ ક્યારેય જોયા નથી. એટલે નામો થી તેમને જોયા નથી. એટલે નામોએ તેમનો ઉલ્લેખ કરેલ છે. અને પ્રત્યેકની સનાતન, પુરાતન સ્વાનુભવની વાત છે. બે દિવસની અવસ્થા, બે દિવસ ની ઓળખ. તે ઓળખને વિસરીને (જે જે કઈ અનુભવાય તેમાથી વ્યક્તિએ) આત્મસ્થિતિનો નિરાસ કરી નાખ્યો છે. પણ સદગુરુએ તેને ઈશારો કર્યો છે. (સદગુરુ તેને કહે છે કે 'તે

તત્વ તું છે'. તું ચેતનાની પણ અગાઉનો છે એમ કહે છે.) અને તે ઈશારો તેને સમજાય છે. (તેને ધીરેધીરે સમજાયું કે આપણે ચેતનાને જાણનારા છીએ.) તત્કાળ જ તે ત્રણેય ગૂણો સહિત પરિપૂર્ણ નિર્ગુણ થયો. તે ગુણાતીત થયો એટલે તને ક્યારેય કઈ પણ ખૂટશે કે અભાવ ખલશે નહીં.   હાનિ-લાભ જેવી વૃતિઓ ને તે ત્યારે અતિક્રમી જશે. સમય ચક્રના (કાળના) પરિણામો તો આપણે ભોગવવા જ પડશે.   સમય ની ફૂટપટ્ટી થી (આપણે) મપાઈ શકતા નથી. એવો તેનો સ્વ નો સ્વ માટેનો સ્વરૂપ નિશ્ચય થાય. સમય (કાળ) ના માપદંડ થી હું મપાઈ શકતો નથી. કેટલાક દિવસ, કેટલાક દિવસ, આ દિવસ, તે દિવસ, દિવસોનો સરવાળો એટલે વર્ષ.

તમે તે ધ્યાનમાં રાખો, સમયના (કાળના) માપદંડથી તમે પોતાને મૂલવો છો, તો તે અપૂર્વ સ્થિતિ ની પાછળ હોય. તેની પૂર્વ બાજુ નિર્મળ થાય એટલા સારું તમારે તેને આચરણમાં લાવવું જ રહ્યું. તમને ડર લાગે છે ને તમારી હોવાપણાં ની યાદોનો ? (આપણું મૃત્યુ નિશ્ચિત જ છે તે ડર સતાવે છે ને ?) તમે જીવંત છો તેની ઓળખ તમારા દેહ

ના અસ્તિત્વની ઓળખ સિવાય શું અને કેવી છે ? કોઈક સમયે તમારા જીવંતતાની ઓળખ દેહના અસ્તિત્વ થી અલગ કેવી દેખાય છે, તેની છબી જુવો. (આપણાં હોવાપણાંની/જીવંતતાની ચેતનાને જાગૃતિ આવ્યા બાદ દેહ, મન અને બુધ્ધિ થી પકડાયા. પણ તે અગાઉ તે કેવી હતી તે ફક્ત જુવો.) તો દેહની સ્મૃતિ તે જ, અને તે સાચી માની તે મહાપાપ છે. દેહની સ્મૃતિ સિવાય તમે જેમ છો તેમ તમે પવિત્ર અને નિર્મળ જ છો. પરંતુ નિદ્રા, જાગૃતિ અને જીવંતતા એ અવસ્થા નિર્માણ થયેલી તેને તમે પોતાનો જન્મ કહો છો તેને ધીરે ધીરે વર્જ્ય કરો. રોજે રોજ તે જ ક્રિયાઓ પુનરાવર્તન પામે છે. દેહસત્વમાં થી આ ગુણો નિર્માણ પામ્યા છે અને તે ગુણોની ક્રિયા રજ, તમ અને સત્વ છે. એટલે જ તે દેહસત્વ છે. દેહનો ગુણ અન્ન સત્વ છે. અન્ન સત્વમાં સ્વત્વનો ભાસ થાય છે. પરંતુ તમે જાણ્યું ત્યારે અન્ન સત્વ તમે નહોતા. અને તેમાંનો ગુણ (સ્વાદ) પણ તમે નહોતા, ખાંડમાં જે મીઠાશ છે તેવી જ મીઠાશ તેની ચાસણી માં હોય. પરંતુ તે ચાસણી તે તમે નથી, ખાંડ નથી કે તે મીઠાશના સ્વાદ પણ તમે નથી અને તેની જાણ પણ તમે નથી. (બાતમી-જાણકારી-સમાચાર-'હું છું' તે જાણકારી) જેનો ઉપયોગ કરો છો તમે પણ તે જાતે તમે નથી. તેવી રીતેજ અન્ન સત્વ, સત્વ નો ગુણ તે આપણાં હોવાપણાંનું જ્ઞાન (ચેતના).   આપણે જ આપણને જોવાનું, શેના માટે ? સત્વગુણના કારણે સત્વગુણ ના હોય, તેટલું તમને સમજાયું. પરંતુ તે સત્વ નો ગુણ પણ હું

નથી. નિશ્ચયનો નિશ્ચય થયેલ હોવો જોઈએ. (હું ચેતનાનો જાણનારો છું તેવો નિશ્ચય થવો જોઈએ.) હવે તમને જે સ્ફુરણા થશે તે જાતિની અને યોગ્યતની. કોઈપણ હોય તે, પત્થર, માટી, ઓટલો, જમતી વખતે તે અન્ન નો કોળિયો જ હતો. સવારે લઘુશંકા કરી અને ગંદકી કરી ગંદો હતો. એવો ભલે હોય તેમ છતાય તે પવિત્ર અને પવિત્ર જ છે. (કશું પણ થાય તેમ છતાય આપની અંદર જે ચેતના છે અને તે ચેતનાનો જાણનારો છે તે પવિત્ર જ છે.) જે પોતાના આત્માને કુલુષિત કરે તેનો ક્યારેય ઉધ્ધાર થવાનો નથી. હું પાપી છું, ચંડાળ છું, હું અમુક છું, હું તમુક છું. એ દૂષણો જે આત્માને આપે છે, ભલે ને તે સ્ત્રી હોય કે પુરુષ હોય, તેનો ક્યારેય ઉધ્ધાર થતો નથી. કારણકે તે પવિત્ર છે, પવિત્ર છે, પવિત્ર છે. એવી જેની શ્રધ્ધા ઊતરોત્તર વધશે તેની યોગ્યતા પણ વધશે. જેમ જેમ તેનો વધુ માં વધુ સમય આ શ્રધ્ધામાં વ્યતીત થશે, તેમ તેમ તેનામાં દિવ્યતા અને પ્રકાશ અને તે અગમ્ય પણ ગમ્ય એવું તે જ્ઞાન નિર્માણ થશે. પરંતુ તે આત્મવિશ્વાસ છે કોની પાસે ? પ્રત્યેક પ્રાણી દેહવિશ્વાસ પર જ જીવે છે. આત્મવિશ્વાસ પર જો તે અવલંબિત થયો (હું ચેતનાનો જાણકાર છું એ વિશ્વાસ જો તેનામાં દ્રઢ થયો તો) તેને મરણની કલ્પના પણ આવશે નહીં. (મરણ એ એવી એક કલ્પના છે જેમ આપણો જન્મ થયો છે તે સુધ્ધાં એક કલ્પના જ છે.).

સાંભળી રાખો, તમને મરણના ઝટકા કેમ આવે છે ? દેહની ઓળખાણ થી રહો છો એટલે. અને તમે પોતાનું

ભૂત-ભવિષ્ય તમે જ નક્કી કરો છો. બીજું કોઈ નહીં. તો બીજો કોઈ ચિત્રગુપ્ત એટલે તમારી આંતરિક કલ્પનાઓ. તે જ તમારો ચિત્રગુપ્ત છે અને તે જ તમને નશામાં રાખે છે. સરળ યાદ રાખો કે તે અવસ્થા પણ હું નથી. તેની ક્રિયાઓ પણ હું નથી અને ફરી થી સવારે (હું છું) જે અનુભવ આવ્યો તેના તરફ ધ્યાન આપો. તે અનુભવનો સાક્ષી (ચેતનાનો જાણનાર) આપણેજ. અનુભવનો (ચેતનાનો) વ્યવહાર તે આપણે નથી અને આપણે તેને વ્યવહાર તરીકે તેની આગળ કહીયે તેનું સાહિત્ય અને સાધન તે દેહ. તે જ આપણે રટણ કરતાં રહીએ છીએ. તો સદગુરુના વચનો પર પૂર્ણ વિશ્વાસ રાખો. (કે આપણે ચેતનાના જાણકાર છીએ.)

દેહ રહે અથવા તો જાય, સાધન સાહિત્ય લોકો પાસેથી સાંભળીને ગુચવશો નહીં. કાયામાં તમારા હોવાપણાં ના જ્ઞાન ની ગેરહાજરી તે ઈશ્વરની ગેરહાજરી છે. ઈશ્વરની ગેરહાજરી તમારા હોવાપણાં ના જ્ઞાનની ગેરહાજરી સૂચવે છે. ઈશ્વર હોવાનો પુરાવો, તમારા હોવાપણાં નું જ્ઞાન (ચેતના) છે. અને તમારા હોવાપણાંનું જ્ઞાન તે ઈશ્વર હોવાનો પુરાવો છે તે યાદ રાખો અને યાદ રાખીને ધ્યાન કરો.



આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

ધ્યાન

- ધ્યાનનો અંતિમ હેતુ જીવનના (ચેતનાથી અનુભવતા જગત) અને ચેતનાના ઉગમ તરફ જવાનો છે.
- ધ્યાન તે સાત્વિક ક્રિયા હોવાથી તમ અને રજ આ ગુણોને સંપૂર્ણપણે દૂર કરવા એ ધ્યાનનો હેતુ હોય. શુધ્ધ સત્વ એટલે આળસ અને અસ્વસ્થતાથી સંપૂર્ણ મુક્તિ.
- 'હું છું' તે અનુભૂતિ પર મન કેન્દ્રિત કરો. 'હું છું' તે ચેતના શુધ્ધ છે અને તેનું સરળ અસ્તિત્વ છે.
- રોજ હેતુપૂર્વક સત્ય અને અસત્ય નો વિવેક કરવો અને અસત્યનો ત્યાગ કરવો તે જ ધ્યાન.
- ચેતનાનો ઉગમ એ ચેતનામાં ની કોઇ ભૌતિક વસ્તુ ના હોઈ શકે. ઉગમ ને જાણવું એટલે ઉગમ થવું. જ્યારે તમે જાણો છો કે તમે વ્યક્તિ નથી, પરંતુ શુધ્ધ, શાંત, સાક્ષી છો. અને નિર્ભય શુધ્ધ ચેતના એ તમારું હોવાપણું જ હોય. ત્યારે તમે તે હોવાપણું થાવ છો. તે ઉગમ છે. ક્યારેય પૂરી ન થનાર શક્યતા છે.
- ચેતનાની પેલે પાર જવું તે જ સ્વરૂપસ્થિતિ.
- 'હું છું' તે ચેતના પર એટલે આપણી હોવાપણાંની ચેતના પર મન કેન્દ્રિત કરવાથી હું અમુક છું તે

ભાવ વિલય થાય છે અને હું કેવળ સાક્ષી જ છું તે શેષ રહે છે. દરઅસલ તે ભાવ પણ પણ 'હું બધુ (સર્વ) છું' તે ચેતના માં વિલય થાય છે અને બધુ એકરૂપ થાય છે.

- 'હું છું' તે ચેતનાને પકડી રાખો. બાકી બધુ પડતું મૂકો. તે જ સાધના છે. સ્વરૂપ જ્ઞાનમાં યાદ કરવું કે ભૂલવું એવું કઇ ના હોય. બધુ કઇ જાણેલું જ હોય. કશા નું યે સ્મરણ ન હોય.
- જ્યારે તમે કેવળ (ચેતના પર) ધ્યાન આપીને સ્થિર રહો છો ત્યારે તમે ધ્યાન આપનારના પાછળ જ્ઞાન પ્રકાશ રૂપ છો તેવું તમને સમજાશે. પ્રકાશ નો ઉગમ પ્રકાશ જ હોય. તે ઉગમ એ જ ખરું અસ્તિત્વ છે. તે ઉગમ તરફ આગળ વધો અને ત્યાં જ સ્થિર થાવ.

જ્ઞાન

૧. મારી દ્રષ્ટિએ તે વાસ્તવિકતા છે કે જન્મ અને મૃત્યુએ કેવળ કલ્પના છે. મારો દેહ છે તે કલ્પના એટલે જન્મ અને મારો દેહ ગુમાવ્યો એવી કલ્પના એટલે મૃત્યુ. હું દેહ નથી એવું એક વાર જાણ્યા પછી દેહ હોય અથવા ના હોય તેનાથી શું ફરક પડશે ?

૨. કલ્પના વિલાસની શી જરૂર છે ? જે બાબતમાં તમને ખાતરી હોય તેમાં જ સમાધાન જાણો. હું

છું તે એક જ વાતની તમને ખાતરી હોય, તેમાં જ સ્થિર થાવ અને બાકી બધુ છોડો. તે જ યોગ માર્ગ.

૩. સાક્ષી એટલે કે સત્યનું અતિશય સાત્વિક પ્રતિબિંબ. તે મનની અવસ્થા પર અવલંબિત હોય. શુધ્ધતા અને નિરાસક્તિ વધતાં જ સાક્ષી રૂપી ચેતના પ્રગટ થાય છે. સાક્ષી સિવાય તે કેવળ અજ્ઞાન જ હોય. કેવળ જીવતાં જ હોઈએ. પ્રત્યેક રંગમાં પ્રકાશ ગુપ્ત રૂપે રહેલ હોય. તે જ પ્રમાણે ચેતનાની પ્રત્યેક અવસ્થામાં સાક્ષી ગુપ્ત રૂપે રહેલ હોય. જ્ઞાતા સિવાય જ્ઞાન ન હોય અને સાક્ષી સિવાય જ્ઞાતા ન હોય.

૪. ભાવના, એમ જોઈએ તો મન ની અવસ્થા જ છે. જે પ્રમાણે સ્વસ્થ શરીર ધ્યાન આકર્ષિત કરતું નથી તે પ્રમાણે નિર્ગુણ એ અનુભવ થી મુક્ત હોય. સામાન્ય માણસો મરણથી ડરતાં હોય, કારણકે તેને પરીવર્તન નો ભય હોય. જ્ઞાની પુરુષ ડરતો નથી, કારણકે તેનું મન અગાઉથી જ મૃત હોય, તે જીવે છે તેવું તેને જણાતું નથી. જીવન છે એવું તે માત્ર જાણે છે. જ્ઞાની પુરુષ નામરૂપ ની દ્રષ્ટિએ અગાઉથી જ મૃત હોય છે. તેના નુકસાનનો તેની પર કેવી રીતે અસર થઇ શકે ? જેવી રીતે ટ્રેનમાં મુસાફરી કરતો વ્યક્તિ એક જગ્યાએ થી બીજી જગ્યાએ પ્રવાસ કરે પણ ટ્રેન ની બહારનો વ્યક્તિ ક્યાંય જતો નથી. કારણકે તે કોઈ

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

પણ ઠેકાણે જતો હોતો નથી. તેને ક્યાંયે જવાનું હોતું નથી. કશું કરવાનું હોતું નથી. કશું બનવાનું હોતું નથી. જે લોકો યોજના/આયોજનો બનાવતા હોય તો તે પાર પાડવા માટે તેમણે જન્મ લેવો પડે. જે લોકો આવી કોઈ યોજના/આયોજનો બનાવતા નથી, તેમણે જન્મ લેવાની કોઈ જરૂર જ નથી.

<u>બ્રહ્મજ્ઞાન</u>

ચેતનાને જાગ્રત કરતાં રહો

યથાર્થ ક્રિયા સાધવી એટલે યથાર્થ ક્રિયા કરવી પણ તે ક્યાં સુધી ? બ્રહ્મજ્ઞાન થાય ત્યાં સુધી. હવે બ્રહ્મ અને જ્ઞાન તે નામ કોના છે ? જેને પોતાનું હોવાપણું જણાય તેનું જ તે નામ છે. પણ પોતાનું હોવાપણાંની સ્થિતિ નિર્માણ થયા અગાઉની વસ્તુસ્થિતિ તેને સમજાતી નથી. પોતાના હોવાપણાંની જાણ/અનુભૂતિ થયા બાદ મુખ્યત્વે ઓળખ થાય દેહની અને દેહધર્મની, દેહધર્મ એટલે જાગૃતિ, નિદ્રા, હગવું, મૂતરવું, ખાવું, પીવું ઈત્યાદી. દેહધર્મ આત્મધર્મ ન હોય. જ્યાં સુધી બ્રહ્મજ્ઞાન ન થાય ત્યાં સુધી બધાં જ વિધિ વિધાનો યથાર્થ રીતે પાર પાડવા જોઈએ. બ્રહ્મજ્ઞાન થયા બાદ તે વિધિ-વિધાનો ને અતિક્રમી જાય છે. જે જન્મ નિર્માણ કરતો હોય તેને આપણે વિધાતા તરીકે ઓળખીએ અને તેને કેવી રીતે વર્તવું તે જે કહેવાયેલ છે તે વિધિ. કેવી રીતે વર્તવું તે વિધિ, કેવી રીતે વર્તવું અને કેવી રીતે ના વર્તવું તેને વિધિ કહેવાય. પછી તેના અંદર વિવિધ વિધાનો હોય. દરેક ક્રિયામાં તેનો લાભ બતાવવામાં આવે છે. તેને ક્રિયા કરવા થી કઈક પ્રાપ્તિ થશે તેવું લોભ બતાવવામાં આવે અને તેના ભોગ કરવા સારું તે સર્વ કઈ કરે છે. પરંતુ આ લાભ અને લોભ દેહ હોવા સુધી દેહસ્મૃતિ પર દેહ બુદ્ધિ હોય ત્યાં સુધી અવલંબિત હોય. દેહ હોય ત્યાં સુધી દેહસ્મૃતિ પર જ અવલંબિત હોય. દેહ સ્મૃતિ એટલે શું ?

દેહ એ જ આપણું રૂપ છે એવો નિશ્ચય જ્યાં સુધી દ્રઢ હોય ત્યાં સુધી વિધિ વિધાનો પાળવા પડે. જ્યારે દેહ એ આપણું રૂપ નથી, જે અનુસરતા હોય તે નામ અને તેમાં આવતા અક્ષરો પણ આપણે નથી. એવો ધીમે ધીમે, સમજતા સમજતા. દેહમાં છે તેને દેહનો અનુભવ આવે છે, નામ નો અનુભવ પણ આવે છે. પરંતુ નામમાં ના અક્ષરો આપણે નથી, દેહનુ રૂપ આપણે નથી, દેહમાં નું કેવળ ભગવાન અને પ્રકાશ, અને દેહમાં નો પ્રકાશ એ જ આપણું ખરું રૂપ છે. ભગવાન એ સ્પષ્ટ થાય ત્યાં સુધી તેમણે બધાં જ વિધિ વિધાનો પાળવા જોઈએ. ઠેક ઠેકાણે નામો કહેલાં છે તે. તેનાથી જ તેને ચરિતાર્થ ચલાવવામાં તેને સફળતા મળવાની છે. આગળ પોતાને ઉત્તમ ગતિ મળવાની છે. એવો વિશ્વાસ નિર્માણ થશે અને તેનાથી તેનો વહેવાર ચાલશે. તે ક્યાં સુધી ચલાવવો જોઈએ પણ ? બ્રહ્મજ્ઞાન થાય ત્યાં સુધી.

બ્રહ્મજ્ઞાનનો સરળ અર્થ આપણને આપણે ઓળખવું. નામ તો લેવું જ પડે. ઓળખાણને, નામ આપ્યા વગર અર્થ સમજાય, તો ઓળખનો એવો અર્થ થતો નથી. દરેક વાતમાં નામ તો દેવું જ પડે. નામ આપ્યા વગર વહેવાર શક્ય જ નથી. એટલેજ હમણાં તેને બ્રહ્મજ્ઞાન તે નામ આપ્યું છે. તે કેવળ ચેતનાનો જાણકાર છે. ચેતનાના જાણનારાને નામ આપવામાં આવ્યું છે. બ્રહ્મ તરીકે તે બ્રહ્મ એટલે જ્ઞાન, જ્ઞાન એટલે જ બ્રહ્મ. ત્યારે પૂર્વાર્ધમાં

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

વેદ, શ્રુતિએ વર્ણવ્યાનુસાર ઈશ્વર આરાધના, ઈશ્વર ઉપાસના, ગુરુ આરાધના, ગુરુ ઉપાસના તે દરેક વ્યક્તિ એ અતિઉત્કંઠા થી અને પૂર્ણ શ્રધ્ધાથી કરવી જ જોઈએ. પછી જે ઉપાસના અને જે તે ઉપાસનની શ્રધ્ધા તેનામાં હોય તે પ્રકારની યોગ્યતા અને તે પ્રકારનું દર્શન, દ્રશ્ય તમારામાં નિર્માણ થશે. તે શેમાં થી નિર્માણ થશે ? દેહમાં વિધ્યમાન તે ભગવતજ્ઞાન કે જેને વાસ્તવિક રીતે જોતાં કોઈ આકાર નથી. તે જ્ઞાન થી જે ઉપાસના કરી હશે તે પ્રમાણે તેને તે સમજ કેળવાય, સમજ બદલાય છે, આગ્રહ કર્યો હશે તે પ્રમાણે તેને તે દર્શનો તેનામાં થી જ નિર્માણ થાય. તે પૂર્વ પક્ષમાં થી છે. ઉત્તર પક્ષમાં જે દેખાય અને ભાસે, તે અગાઉ કોઈને શું દેખાય છે ? તો આપણાં હોવાપણાંની ચેતના દેખાય (અનુભવાય). દેખાય એટલે અનુભવાય. કોઈપણ પ્રાણીને પોતાના હોવાપણાંની ચેતના અગાઉ અનુભવાશે. ચેતના અનુભવ્યા બાદ દેહ અનુભવાય અને દેહ અનુભવ્યા બાદ તેને તમે મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર એ નામો હોય. વિશેષ એટલે મનનો વ્યવહાર ચાલે. મન એ જેનો અભ્યાસ કર્યો હશે, તેની જે સ્મૃતિઓ ભેગી કરેલી હશે, તેને બુધ્ધિ કહેવાય, હવે બુધ્ધિ નામનો જે સંચય થયો હોય તેમાંથી જે સ્ફુરણ થાય તે યાદ આવે, સમજાય તેને તેનું ચિત્ત કહેવાય. મન, બુધ્ધિ, ચિત્ત તે અનુભવાતી ચેતનાના જ નામ છે. ચોક્કસ કોઈ ની પણ અગાઉ અનુભવાય તે ચેતના. જાગૃતતા આવેલ છે અને તે જાગૃતિમાં થી જ શાણપણ તરીકે મન, બુધ્ધિ, ચિત્ત એ પાંચેય ઇન્દ્રિયો જે

વ્યવહારમાં હોય અને તેનાથી જ બધો વ્યવહાર થાય. હવે તેની અટક (ધરપકડ) ક્યાં થયેલી છે ? દેહાકાર એટલે આપણું રૂપ અને દેહના અક્ષરોનું જે નામો છે, તે નામ ના અક્ષરો તે આપણે. આપણે એટલે તે અક્ષરો અને આપણું દર્શન એટલે દેહ. તે સ્વપનવત છે. સ્વપણ ઉદભવેલું હોય. તે જ્યારે તેને તેની અંદર અગાઉથી ધારેલી ધારણાને કારણે જ્ઞાનરૂપ હોય. એટલે ઈશ્વરરૂપ પણ થાય, દેવરૂપ પણ થાય, બ્રહ્મરૂપ પણ થાય. તે જાણીને પછી તેવું થવાના અગાઉ તે સગુણ ભક્તિ ગુણાવસ્થા. તેનું બીજું નામ માયા એવું પણ હોય. તે સ્પષ્ટ થાય અને તે સમજાયા બાદ ગુણો ની અગાઉ, ગુણાવસ્થાની અગાઉ, આપણું અસ્તિત્વ ક્યાં હતું ? કેવું હતું ? તે તેને સ્પષ્ટ સમજાય છે. તે સમજ ખીલે એટલે તેને બ્રહ્મજ્ઞાન થયું કહેવાય.

બ્રહ્મજ્ઞાનનો જાણકાર થયો. બ્રહ્મજ્ઞાન જેને કહેવાય તેનો પણ તે જાણકાર થયો. બ્રહ્મજ્ઞાન તરીકે તેને અનુભવ પણ આવે જે અખિલ વિશ્વરૂપ દર્શન તરીકે ઓળખાય. તે બ્રહ્માનું બ્રહ્મજ્ઞાન બ્રહ્મ છે એવું કહેવાય. આ પ્રકૃતિનો સ્વભાવ માયાનો સ્વભાવ. મારો મૂળમાં કોઈ સ્વભાવ જ નહીં. કોણ કહે છે પણ ભગવાન, ભગવાન શ્રી કૃષ્ણ પરમાત્મા. પરમાત્મા પાસે સ્વભાવ ના હોય. એટલે આપણે છીએ તેવું ભાસતું નથી. સ્વભાવ આપણે છીએ તેવું ભાસે તે સ્વભાવ. પરમાર્થ તે નામ જેને દીધેલું છે. તે

ઠેકાણે સ્વભાવ ધર્મ નથી. તે ભવાતીત, સ્વભાવધર્મ નથી એટલે ગુણાતીત. ગુણરહિત. સ્વભાવધર્મની ગેરહાજરીમાં સમયનો અનુભવ ન હોય. કાળનો અનુભવ ન હોય એટલે કાલાતીત. આગળ તેને કોઇ પણ રૂપરંગ ન હોય એટલે જ તે એકદમ અલગ, તેની નિશાની બતાવવા માટે કોઈ રૂપરંગ નહીં. તે વસ્તુસ્થિતિ પૂર્વની હોય. પણ તેમાં જન્મનામ હોય. જન્મનામમાં આકાર હોય. ઓળખનો સિક્કો, આકારમાં પ્રેમ હોય. ઉત્કંઠા હોય, આસ્થા હોય, શબ્દ હોય, પ્રણવ હોય, પ્રણય હોય, પ્રણવ હોય અને જરૂર હોય ત્યાં પ્રણય હોય. પ્રણય એટલે પ્રેમ કરવો. પ્રેમ હોવું/થવું તે પ્રેમ. તે જન્મ થયા અગાઉ નહોતો. તે જન્મ થયા બાદ તે આવ્યો છે. તે અવસ્થા છે. અવસ્થા એટલે તે વાસ્તવમાં હોય નહીં. તે હવે છે તેટલું જ . અવસ્થા તે કાયમી પરિસ્થિતી ન હોય. સદાસર્વદા અવસ્થાતીત હોય, સદાય મૃગજળ સમાન હોય, એવું કહો. હમણાં તે અવસ્થા છે. તે જાગૃતિ અને નિદ્રા મળીને ચેતના. જાગૃતિ અને નિદ્રા વિમુક્ત ચેતના નહીં. જાગૃતિ, નિદ્રા યુક્ત ચેતના તે ત્રિગુણાવસ્થા. તે અવસ્થાનો મુખ્ય આધાર, તેનું મહત્તતત્વ, સૂત્રપ્રભા શુધ્ધ સત્વ. હવે તે જટિલ તત્વ એટલે શુધ્ધ સત્વ. તેને ફરીથી સત્વ કહીને તરલ કહ્યો. તરલ એટલે પાતળું કે પોચું. દ્રાવણ નામ એવી રીતે આવ્યું શુધ્ધ સત્વ ને. હવે શુધ્ધ સત્વ નો અંતર્યામી, ખાંડના અંતર્યામી જેવી ગળી. તેવી જ શુધ્ધ સત્વના અંતર્યામીની અંદરના અંગોની ચેતના.

અનુભવાતી જાગૃતિ તે ત્યાં ઉદભવેલી છે. તેનામાં જ કાયા છે અને કાયા માં જ તે છે. કાયા તે ખાધેલ અન્નના સત્વનું સાકાર સ્વરૂપ હોય. કાયાએ આરોગેલ અન્નનો સંચય હોઈ અને અન્નના સંચયમાં ખાંડ જેવુ ગળપણ હોય. તેવા અન્નસંચય ના ગર્ભમાં અનુભવાતી ચેતના હોય, જાગૃતતા ઉપજેલી હોય.

સમઇમાં ઘી નાંખીને પેટવીએ તો તેના થકી જ્યોત નિર્માણ થાય. તેવી જ રીતે આ શુધ્ધ સત્વના લીધે જ જાગૃતિ નિર્માણ થાય. તે બહુ મોટી ઉપલબ્ધિ છે. મૂળમાયા. અનેક નામોથી તેનું વર્ણન અને ઉલ્લેખ થયેલો છે પણ તેની અનુભૂતિ નું શું ? તો તે વૃત્તિ છે. તેની જાણ અને અનુભૂતિ શું હોય ? શું, થોડીવાર પહેલા શું શબ્દ પ્રયોજ્યો હતો તે. ઉપદ્રવ. હા, હવે તે ઉત્તમ છે. દરેકે દરેકમાં એક માત્ર એક તે જ છે તે. મૂળમાયા, સત્વ જેનો અનુભવ સ્વત્વ તરીકે થાય. આપણે છીએ તે રીતે અનુભવાતી જાગૃતિનો, અનુભવાતી ચેતના જયાં સુધી જણાય/અનુભવાય ત્યાં સુધી આ ઉપદ્રવ રહેવો જ જોઇએ. કોઈપણ યોગ્યતાનો હોય શકે. ઉપદ્રવનો અર્થ અર્થ વ્યવહારમાં સમજાય છે કે નહીં તમને ? કશું સમજાય છે કે નહીં તમને જુઓ. ઉપદ્રવ એટલે શું ? પણ શેનો ગુણ છે જે તરલતાનો ગુણ છે. તરલતાનો ગુણ તે ઉપદ્રવ. કાયાને દૂઃખ નથી. કાયામાં જે તરલતા/તરલ દ્રવ્ય છે. જાગૃતિ નિર્માણ થયેલી છે. તે જ દૂઃખ રૂપ હોય

એટલે જ સુખોની યાચના કરે. સુખની ઈચ્છા, ચેતનાની ગેરહાજરીમાં સુખોની જરુરુ ? અને હાજરીમાં સુખોની જરૂર કેમ હોય ? તેની પ્રકૃતિ જ એવી છે. તેનાથી જ ઉપદ્રવ જણાય. એટલે જ તેને ઈશ્વર ઉપાસના, અમુક ઉપાસના કહીને તેની વૃતિમાં પરીવર્તન કરવવામાં આવે છે. વૃતિ, તેને તે પાળવા માટે લીધેલ છે. વૃતિ એટલે ખબર કહો, જે દેહના રૂપે, પણ દેહના રૂપથી અસ્તિત્વમાં હોય. તે જાગૃતિ નિર્માણ થયેલી હોય. અને તે જાગૃતતા બહુ ગમે, તેના પર બહુ પ્રેમ, તેનો બહુ લોભ, તેનો મોહ ઘણો અને તેની જરૂરિયાત પણ તેટલીજ છે. અનુભવાય તેટલું જ. તો પણ જાગૃતિ જ્યાં છે, જ્યાં સુધી છે, ત્યાં સુધી ઉપદ્રવનો અનુભવ તો થશેજ. તો પછી અહિયાં શું ઉપજ્યું છે ? આનંદ કહીયે તો આનંદ છે, સુખ કહીયે તો સુખ છે. જે કહેશો, તે તેનું જ નામ છે. જે જાગૃતિ નિર્માણ થયેલી છે ચેતનાની, તે જ્યાં સુધી અનુભવાય છે એટલે સમજાય છે ત્યાં સુધી કોઈ ને કોઈ ઉપદ્રવ છે. પછી તે જાગૃતપણે જણાયેલ/અનુભવાયેલ ચેતના, જ્યારે આપણે જ અજ્ઞાની હતા, ભૂલકણી અવસ્થા પણ આવે છે તેને, પછી તેને સુષુપ્તિ પણ કહેવાય. નિદ્રા ના રૂપમાં. ત્યાં શું હોય તો દૂ:ખો નો અનુભવ ન હોય. ઉપદ્રવનો અનુભવ ના હોય. દૂ:ખ એટલે દૂ:ખ, ઉપદ્રવ એટલે દૂ:ખ. અનુભવનું પુનરાવર્તન ન હોય. તેમાંથી જ ઉપસર્ગ નિર્માણ થયો ફરી થી. જાગૃતિ આવ્યા બાદ પહેલું વાક્ય શું હોય ? ઉપદ્રવ અને ઉપદ્રવના કારણે જ ઉપસર્ગ છે.

તમારે માત્ર સાંભળવાનું છે. કશું કરશો નહીં, ફક્ત સાંભળો. વર્તમાનમાં તમે શું છો, તમે શું છો, તમારા માટે વર્તમાન તરીકે તમે શું છો ? તમે તેને પુષ્કળ લાડ લડાવવા શું શું નથી કરતાં ? તે તેનો પરસ્પર સ્વભાવ છે. તે અભ્યાસ દ્વારા કોઈએ નિર્માણ કરાવેલ નથી કે તે કોઈ એ શીખવેલ નથી. પરસ્પર સ્વભાવ, જાગૃતિ, જાગૃતતા એ ત્યાં ઉપદ્રવ છે, તે ઉપસર્ગ છે. – હવે વાંચો તો, રાજા પાસે તે ઉપસર્ગ હતો. તેના પછી તેને ઉપદ્રવ ભોગવવો પડ્યો કારણ સ્વપ્ન થયું, ચેતનાની અનુભૂતિ સ્વપ્નમાં રૂપાંતરિત થઈ. વાસ્તવિક જાગૃતિ જે હતી તેનો વિલય થયો અને ત્યાં નવું જ સ્વ-પણું નિર્માણ થયું. સ્વ-પણ નિર્માણ થયા બાદ રાજા ભિખારી અને અન્નનો મોહતાજ થયો.

તે શેનું પરિણામ હોય શકે કે રાજા અન્ન નો મોહતાજ થઈ ભીખ માંગે તે શેનું પરિણામ હોય શકે ? ઉપસર્ગ. બીજો શબ્દ તે ઉપદ્રવ. જાગૃતિનું પરિણામ ના હોય શકે ? તે સ્પષ્ટ સમજવું જોઈએ. આ જેને સ્પષ્ટ સમજાયું કે તે આમ થઈ શકે તો તે ઉપસર્ગની અગાઉનો, ઉપદ્રવની અગાઉનો. ત્યાં નિંદ્રા નો અનુભવ ન હોય. જાગૃતિનો અનુભવ ન હોય. કહેવાનું કે જાગૃતતાનો અનુભવ પણ નહીં. જ્યાં જાગૃતિ અને નિંદ્રા હોય ત્યાં જાગૃતતા પણ હોયજ. જ્યાં જાગૃતિ અને નિંદ્રા ન હોય ત્યાં જાગૃતતા

પણ ન હોય શકે. હવે જન્મ થયો તમારો-અમારો એટલે કોનો ? જન્મ તો થયો ? પણ તેમાં ત્રણ વાતો મુખ્ય છે. જાગૃતિ, નિંદ્રા અને જાગૃતતા. હવે ત્યાર બાદ તે જાગ્યો તો સ્વપણું ગયું. ફરીથી તે રાજા થયો. જેવી જાગૃતતા નો આગળ જતાં વિકાસ થયો, તેને ઓળખી. ત્યારે તેને પૂર્ણતાથી પૂર્ણ હોવાનો અનુભવ થયો તેને. પણ અનુભવ લેવા માટે વૃતિ રૂપી જાગૃતતા ત્યાં નથી હોતી. વૃતિરૂપી જાગૃતતા જો ત્યાં હોય તો, તે જાગૃતિ, નિંદ્રા અને સ્વપણ ની ફસામણીમાં ના પડ્યો હોત. જન્મ તમારો-અમારો થયો છે કે અવસ્થાનો થયો છે ? અવસ્થાનો જન્મ થયો છે તે જે જાણે છે/અનુભવે છે તે શું અવસ્થાથી ભિન્ન નથી ? ત્યાં શું આપણે જોયેલ સાપ અને વીંછી અને આપણે પોતે શું તેમના થી ભિન્ન હોવાના ? જ્યાં તમને કઈ સમજાયું ત્યાં તમે તેનાથી ભિન્ન હોવાના. અલગ હોવાનું તમને અનુભવાય, જ્યારે તે અને આપણે એક જ છીએ એવું સમજાય ત્યારે તે અલગ હોવાનો અનુભવ બંધ થાય છે. કોઈપણ વાતમાં તે અને હું એકજ હોવાથી કોઈ ફરક નથી તો તે અદ્વૈત. તો સાક્ષિત્વ કેમ ઘટિત થતું નથી ? અદ્વૈત હોય એટલે જ સાક્ષિત્વ ઘટિત થતું નથી. આપણું કે અન્યો નું એવો જરાક ભેદ જણાયો કે તરતજ સાક્ષિત્વ ઘટિત થાય છે. તે દ્વૈત. સાંભળી રાખો, અહિયાં કોઈ પણ પ્રયત્ન કરશો નહીં. ફક્ત સાંભળો. અને જે સાંભળ્યુ છે તેનો તમને શું ઉપયોગ થયો છે તે જુઓ. પણ સાંભળેલું જો યથાર્થ રીતે જો તમે સમજી ને પચાવી શકો તો મૃત્યુ, મરણ, દૃઃખ, કાળજી, અમુક, તમુક એ જે

અનુભવના ઉપદ્રવ છે તેનો તમારા ઉપર કોઈ પરિણામ થશે નહીં. કોઈપણ નામના ઉપદ્રવનો તમારા પર પરિણામ થશે નહીં. ચિંતા થશે નહીં. આસ્થા રહેશે નહીં. કાળજી રહેશે નહીં. ઈચ્છા, વાસના, આશા રહેશે નહીં. દેહ છે તેવી પણ જાગૃતિ પણ છે, તો પણ તેની વસ્તુસ્થિતિ આવી છે. ચિંતા કરતાં આવડે નહીં. ચિંતા કરતાં કે આસ્થા કરતાં આવડે નહીં, આસ્થા પકડતા આવડે નહીં. આશા, ઈચ્છા, વાસના તેની કોઈ જરૂર જ નહીં. ફક્ત સાંભળો. જ્યારે તે ભુલાયેલું ગયું છે. બહુમૂલ્ય ત્યારે તે રાજા હોઈને સુધ્ધાં ભૂખ ભાંગવાં ભીખ માંગે છે. તમારું અસલિયત બતાવવાનો ઉદ્દેશ તો ઘણો દૂર છે.

પાણી અને સૂર્ય એકબીજા થી અબજો માઈલ દૂર છે. પણ તેમાં તે દેખાય છે. માત્ર સૂર્ય દેખાતો જ નથી પણ પાણી સાથે ભ્રમણ પણ કરે છે તાડ... તાડ... તાડ....કલ્પના. સૂર્ય કેટલો દૂર છે. પણ વહેતા પાણીમાં વહેણ પ્રમાણે વહે છે. તેવી રીતે જ દેહમાં રહેલ સત્વનો આ ગુણ તે પાણીમાં નું પ્રતિબિંબ અને દેહમાં શું. આત્માનું પ્રતિબિંબ આપણાં હોવાપણાંનું પ્રતિબિંબ છે. આપણું હોવાપણાંનું અસ્તિત્વ ભલે દૂર હોય, પણ પ્રતિબિંબ તેનામાં ઝીલાય છે. પ્રતિબિંબ એટલે શું ? આપણે છીએ તે જાણકારી છે તે પ્રતિબિંબ. હોવાપણું દૂર છે. આપણી પોતાની અંદર જ હોવાપણાંની જે

માહિતી છે તે માહિતી બહુ સરળ નથી. તે સ્થિર નથી રહેતી. અને તે માહિતી જાતે બીકણ છે.

Yes.... No.... તે માહિતી જાતે બીકણ છે. હવે તે ભય નિવારણ કરવા વિવિધ પ્રયત્નો કરે છે. દેવ, ધર્મ, અમુક, તમુક કેટલાય ઉપાય કરશે ભય નિવારણ કરવા. પણ હવે તેમાં અસ્તિત્વનું પ્રતિબિંબ જાણકારી સ્વરૂપે પડેલું છે. એટલુજ, બાકી અસ્તિત્વ સૂર્ય અને ચંદ્રની પેલે પાર છે. આસમાનની પણ પેલે પાર નું છે. પણ જાણકારી માં તે પ્રતિબિંબિત આવી રીતે થયેલ છે. આંદોલનમય થતું હોય. હાલચાલ તે જ ભય. જ્યાં પોતાની હાલચાલ નો આપણને અનુભવ ના હોય ત્યાં ભય. ના હોય... ફક્ત સાંભળો. પોતાની હાલચાલ જ્યાં અનુભવાતી નથી ત્યાં ભય ના હોય. તે પ્રતિબિંબ પેલા સૂર્યનું ત્યાં પાણીમાં પડેલું છે. સૂર્ય અબજો માઇલ દૂર છે પણ ત્યાં હલચલ છે. તે જ. તે જાણકારીરૂપને. તે જાણકારી અનુભવને ગભરાય છે અને ક્યારે મૃત્યુ પામશે તેનો ભરોસો નથી. તે નિર્દેશ શું છે તે જેને જાણ્યું છે. તેને જગતની પણ પેલે પાર હોવાનો અનુભવ આવે છે. પણ તે અનુભવની વાત પણ નથી તે પણ હકીકત છે. તેમ છતાંય તમારી તે જાણકારી સ્થિર થવા માટે તમારે ભગવાન સ્મરણ, ભગવાન સ્મરણ સાધ્ય થવા માટે ગુરુસ્મરણ, ગુરુસ્મરણ સાધ્ય થવા માટે ગુરુ પર નિષ્ઠા, શ્રદ્ધા અને તે શ્રદ્ધાથી જે ગુરુત્વ પ્રગટ થશે એટલે તે જ્ઞાન સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ

પ્રગટ થશે ત્યારે ઈશ્વરત્વ આવશે. આજે જગત માં ઈશ્વરના જેટલા નામો છે, તેઓ ને અગાઉ ગુરુત્વ પ્રાપ્ત થયેલ છે. એટલે જ્ઞાનસ્વરૂપ થયેલા છે. જ્ઞાનરૂપ થયા પછી ખ્યાતિ ને કારણે આજે દેવસ્વરૂપ છે. સાંભળી રાખો.

તે જગતની પેલે પાર છે પણ મારા હોવાપણાંની જાણકારી તેમાં છે. માયારૂપે, માયા એટલે આત્મપ્રેમ, આત્મપ્રેમ રૂપે છે તે જાણકારી. હું પેલે પાર છું. તે જેને સ્પષ્ટ થયું તેને જન્મ મરણ નથી. અથવા તો બાદ માં જણાવેલ વિધિ વિધાનો તેને લાગુ પડતાં નથી.

વાસ્તવિકતા આવી છે. જાગૃતતા છે. જ્યાં ત્યાં ભય ના હોય એવું ક્યારેય સંભવી શકે નહીં. તેને જે કોઈ જવાબ આપવો હોય તે આપો. જાગૃતતા છે ત્યાં ભય છે. કારણકે તે પ્રતિભાસ, પ્રતિબિંબ છે. તે ખરેખર વસ્તુબિંબ નથી, તે ધ્યાનમાં લ્યો. જાગૃતતા છે. ત્યાં અગાઉ નો શબ્દ. ઉપદ્રવ હોવો જ જોઇએ. ઉપદ્રવ જો નહીં હોય તો જાગૃતતા પણ નહીં હોય. શરીરને દુ:ખ નથી, પણ શરીરમાં અનુભવાતી ચેતનાને દુ:ખ હોય. તેને ભૂલાવવા માટે આ કર તે કર એવું કરીને આપણે સમય ને પલોટીએ છીએ. બાકી જ્યાં જાગૃતતા છે ત્યાં દુ:ખ અને ભય છે. તે જો જાગૃતતા ને તમે સંપૂર્ણતા થી ઓળખી, તો .... આત્માનું પ્રતિબિંબ તેવું જ જગતનું પ્રતિબિંબ જે સત્વ માં રમે છે. અખિલ જગતનું પ્રતિબિંબ તમને

અગોચર થશે. એટલે તે તમને ના દેખાતા તે અનુભવી શકાશે. અને તમે જગતના અગાઉ ક્યારેક તમે કેવા અને શું છો તે સ્પષ્ટ થશે. પછી તે જાગૃતતા તમારે આધારે જ, જીવતેજીવ જ મોક્ષ પામ્યા નો અનુભવ મળશે. તે માટે ગુરુભક્તિ જોઈશે. અને વેદ માં વર્ણવેલા જે કઇ કર્મો છે તે યથાર્થ રીતે કરવા જોઈશે. પ્રતિબિંબના જાણકાર થાવ ત્યાં સુધીમાં સૂર્ય એ પોતાનું પ્રતિબિંબ જાણવું જોઈએ.

હોવાપણાંની પ્રતિકૃતિ છે તે, હોવાપણું નહીં.

જેમકે અમારો ફોટો છે અમે નહીં. અમારો ફોટો છે તે અમે નથી. અમારા હોવાનો પ્રતિભાસ છે તે. પ્રતિબિંબ. તે તમે તમારી ચેતનાને જણાવો. સાંભળ્યા પ્રમાણે તમે તમારી ચેતનાને જણાવો અને ચેતનાને જાગ્રત કરતાં રહો. પછી ચેતનાથી થનારો ઉપસર્ગ તમારી ઉપર અસર કરશે નહીં. ચેતના વિનાનો ઉપદ્રવ શું છે ? પણ તમે જો ચેતનાને જણાવા નહીં ધો. તે જો તમે ચેતનાને જાણી તો ચેતનાથી થનારો ઉપસર્ગ, ઉપદ્રવ તમારા પર થશે નહીં. તમને ઉપદ્રવ થશે નહીં. તે આ ગુરુભક્તિ નું મહાત્મય છે. અને તેના માટે ભક્તિની જરૂર છે. પરંતુ સુખની થોડીક ઝલક મળી કે રાજા પણ ગયો. પોતાનું પૂર્ણત્વં તે કઇ આ તરફ ધ્યાન આપતો નથી. ધ્યાનમાં છે તે

ભયાવહ છે. ભયાતીત છે તે સદા સર્વદા છે. ભયાવહ છે. થોડાક સમય માટે છે. તેને આયુષ્ય કહો.

કારણ તે સત્ય ના હોવાથી તેને નિત્યનો પરવાનો નથી. નિત્ય જેવો પરવાનો નહીં. અનિત્ય છે. અસત્ય છે. પણ તે સત્ય હોવાની જાણકારીરૂપ છે.

ચેતના શાંત છે એટલે ભયાવહ છે. હવે ભયનું નિરસન કરવા માટે તમારે માત્ર એક શ્રધ્ધાથી જયગુરુ શ્રધ્ધા જાગૃત કરવી જોઈશે. તે કરો એટલે તમારો ભય જશે.

તમારી તે કાનાફૂસી કરવાની આશા, ચિંતા, વાસના છૂટતી નથી તે જુઓ. તમે ધ્યાન આપો. સારું, તમે કોઈપણ ચિંતા કરી, તો આશા, ઈચ્છા, વાસના કઈ પણ કરો તો આશા પૂરી થશે જ નહીં. ચિંતા કરશો તો પણ જે થવા નું છે તે થવાનું જ છે. થશેજ. પછી જો અચિંત્ય (ચિંતામુક્ત) રહેવાથી જો તે દુખાવહ થનાર પરિસ્થિતી સુખાવહ થનાર હોય તો અચિંત્ય ચિંતામુક્ત) કેમ ના રહેવું ? પણ ચિંતામુક્ત રહી શકાતું નથી કારણકે તે પ્રકૃતિનો ગુણધર્મ છે.

પ્રકાશનો

શ્રી નિસર્ગદત્ત મહારાજ ના નિમ્નલિખિત પુસ્તકો મરાઠી ભાષામાં ઉપલબ્ધ છે.

પુસ્તકનું નામ	કિંમત
सुखसंवाद	६००
आत्मप्रेम	६००
निसर्गदत्तगीता	३००
पाठलाग	३००
आपण	१००
बोधवाणी	१५०
सतचीदानंद	७५
अनुसंधान	७५
निश्चय	७५
गुरुबोध	१०
आत्मविश्वास ब्रह्मज्ञान	□
अमृतवर्षा	४००

પુસ્તકનું નામ	કિંમત
मंतरलेला सत्संग	४००
दुर्मिळ निरुपणे	२५०
साधकांसाठी निसर्गदत्त महाराज	१५०
निसर्गदत्त वचनामृत	१५०
पहचान (हिन्दी)	१००
विवेक की निरूपण	१५०
आत्मज्ञान आणि परमात्मयोग	१५०
मी आहे महामंत्र	१००
अध्यात्मज्ञानाचा योगेश्वर - श्री सिद्धरामेश्वर महाराज	७००
अमृतलय - श्री सिद्धरामेश्वर महाराज	४००
पूर्ण - श्री भाईनाथ महाराज यांचे चरित्र आणि शिकवण	३००
माझ्या सद्गुरूंची अमृतवाणी - श्री रणजीत महाराज यांचे संवाद	४००

List of Books available in English Language :

1. Self Love
2. Nothing Is Everything
3. Shower of Grace
4. The Earliest Discourses
5. Master of Self Realization

આપ ઉપરોક્ત પુસ્તકો શ્રી સચિન ક્ષીરસાગર પાસે થી મેળવી શકો છો. આપણે જોઈતા ગ્રંથોની યાદી તેમને મોકલી આપવાથી ઘર બેઠા કૂરિયરથી મોકલી આપવામાં આવશે.

શ્રી સચિન ક્ષીરસાગર

9890711180, 9028837976

ગુજરાતીમાં ઉપલબ્ધ અનુવાદો

૧. હું છું

(શ્રી નિસર્ગદત્ત મહારાજ નો મૂળ મંત્ર)

મૂળ લેખક : શ્રી પ્રદીપ આપ્ટે

ગુજરાતી અનુવાદક : શ્યામ કોરડે

૨. અનુસંધાન

ધ્યાનયોગનું રૂપાંતરણ જ્ઞાનયોગમાં કરવા માટે માર્ગદર્શક ઠરનાર અને 'સ્વ'ની શુદ્ધ ચેતના દ્વારા યોગ પૂર્ણ કેવી રીતે થાય, તે દર્શાવનાર, શ્રી નિસર્ગદત્ત મહારાજના આત્મનિશ્ચયી ચૂંટેલા બોધવચનો

મૂળ મરાઠી પુસ્તકનાં

સંકલક અને સંપાદક - સચિન ક્ષીરસાગર

ગુજરાતી અનુવાદક - શ્યામ કોરડે

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

<u>ગુજરાતીમાં ઉપલબ્ધ અનુવાદો</u>

૧. **નિશ્ચય**

શ્રી નિસર્ગદત્ત મહારાજ ના જ્ઞાન ઉદગાર

મૂળ મરાઠી પુસ્તકનાં સંકલક-સંપાદક
સચિન ક્ષીરસાગર

ગુજરાતી અનુવાદક

ઉદય કુલકર્ણી

૨. **સચ્ચિદાનંદ**

ધ્યાનયોગનું રૂપાંતરણ જ્ઞાનયોગ માં કરવા માટે માર્ગદર્શક ઠરનારી અને 'સ્વ'ની શુદ્ધચેતના દ્વારા યોગ પૂર્ણ કેવી રીતે થાય છે તે કહેનાર, શ્રી નિસર્ગદત્ત મહારાજના આત્મનિશ્ચયી ચૂંટેલા બોધવચનો.

મૂળ મરાઠી પુસ્તકનાં

સંકલક અને સંપાદક - સચિન ક્ષીરસાગર

ગુજરાતી અનુવાદક - શ્યામ કોરડે

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

<u>ગુજરાતીમાં ઉપલબ્ધ અનુવાદો</u>

૩. **આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન**

પ. પૂ. નિસર્ગદત્ત મહારાજના નિરૂપણો

મૂળ લેખક : ભરત શિંપી

અનુવાદક : ઉદય કુલકર્ણી

<u>આગામી ગુજરાતી અનુવાદ</u>

- **આપણે**

આત્મવિશ્વાસ અને બ્રહ્મજ્ઞાન

આપ નીચેની લિંક પર જઈ ગુજરાતી તેમજ અન્ય ભાષાનાં પુસ્તકો વિનામુલ્યે ડાઉનલોડ કરી શકશો.

Visit for publications details:
https://sri-nisargadatta-maharaj.blogspot.com/2015/05/marathi-books-nisargadatta-maharaj.html

નોંધ :- હાલમાં ગુજરાતીમાં શ્રી નિસર્ગદત્ત મહારાજના કોઈ પુસ્તકો પ્રિન્ટ એડિશનમાં ઉપલબ્ધ નથી. **તેથી સાધકો તેને વિનામુલ્યે ઉપરોક્ત લિંકમાં થી ડાઉનલોડ કરી શકશે.**